# દિવાળીના પર્વોમાં પણ સેકટરોમાં અંધારપટ્ટ

## સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો પર લાઈટો ડુલ રહેતા રહીશોમાં ભયની લાગણી

ગાંધીનગર તા ૧

ગાંધીનગરના સેકટરોમાં દિવાળીના તહેવારોમાં પણ સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સતત અંધારપટ્ટ છવાયેલો જોવા મળ્યો હતો. દિવાળીના પર્વ દરમિયાન વરસાદી ઝાપટાના અંતે મોટાભાગના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારાનુ સામ્રાજય રહ્યુ હતુ. સેકટરોમાં રીંગ રોડ તેમજ આંતરિક વિસ્તારમાં હજુ પણ મોટાભાગના થાંભલાઓ બંધ હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. જયારે રાત્રિના સમયે અંધારપટ્ટ વચ્ચે સ્થાનિક રહીશોએ પણ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. અંધારપટ્ટ વચ્ચે તસ્કરોનો ભય પણ નાગરિકોને સતાવી રહ્યો છે. સ્ટ્રીટ લાઈટની ફરિયાદો દુર કરવામાં આમ પણ જવાબદાર એજન્સી દ્વારા કોઈ પગલા લેવાતા નથી બીજીતરફ સ્ટ્રીટ લાઈટની જવાબદારી કોર્પોરેશનને સોંપવા ઉત્સુક તંત્ર પણ નિરસતા દાખવતા પાટનગરમાં જ દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ વારંવાર ડુલ થઈ જાય છે. વરસાદી સિઝન સિવાય પણ આડા દિવસોમાં પણ અંધારપટ્ટ જોવા મળે છે. સેકટરોમાં છાશવારે બંધ રહેતી સ્ટ્રીટ લાઈટ સંદર્ભે પાટનગર યોજના વિભાગનુ જવાબદાર તંત્ર પણ એજન્સીને કામ સોંપી દેવાયુ હોવાનુ જણાવી જવાબદારીમાંથી હાથ ઉંચા કરી લે છે.

આમ નાગરિકોની ફરિયાદો સાંભળવામાં આવતી નથી. લાંબા સમયથી નવા અને જુના સેકટરોમાં મોટાભાગના રીંગ રોડ તેમજ આંતરિક રસ્તાઓ પર લાઈટો ડુલ જોવા મળે છે. દિવાળીના તહેવારના દિવસોમાં પણ લાઈટો બંધ રહેતા રહીશોને પારાવાર હાલાકી વેઠવી પડી હતી.

જયારે હજુ પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની સમસ્યાનો અંત આવ્યો નથી. જેના લીધે સેકટરોમાં રાત્રિના સમયે તસ્કરો સક્રીય થાય તેવી દહેશત પણ રહીશોને સતાવી રહી છે. રાત્રિના સમયે સિનિયર સિટીઝન્સ તેમજ મહીલાઓએ અવરજવર કરવામાં પણ હાલાકી વેઠવી પડે છે. જયારે રાત્રિ દરમિયાન માર્ગ સલામતી પણ જોખમાય છે. સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટો ત્વરિત ચાલુ કરવા યોગ્ય પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



લાભ પાંચમનાં લાભ કરવા ઉતાવળે હેલ્મેટ વગર નીકળ્યો... હવો મને તો લાભ ન થયો તમને જરૂર થઈ ગયો...!!

## લાયન્સ કલબ દ્વારા કેન્સર પિડીત બાળકોને પ્રોટીન પાઉડરનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧

લાયન્સ કલબ અને લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા અમદાવાદ એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલના પિડીયાટ્રીક વોર્ડના એડમીટ ૫૦ જેટલા બાળ દર્દીઓને તેમનું સ્વાસ્થય જળવાઈ રહે તેવા ઉમદા હેતુંથી પ્રોટીન પાઉડર પેકેટનું વિતરણ કરાયું હતું. તે ઉપરાંત દિવાળી નિમિતે ઈશ્વર તેમને ઝડપી સ્વસ્થ કરી દે, તેવી ભાવના સાથે પાર્થના કરી હતી. તેમનું જીવન પણ પ્રકાશમય બની રહે, અને આવનારુ વર્ષ તેમને સારુ સ્વાસ્થય બક્ષે તેવી ભાવના સાથે દિવાળીને પગલે ૫૦ થી વધુ દિવડાનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં ડીસ્ટ્રીકટ ૩૨૩ બી ના ચાઈલ્ડહુડ કેન્સરના ડાયરેકટર રૂપાબેન શાહ, લાયન્સ પ્રેમીડન્ટ રાજ, લાયોનેસ પ્રેસીડન્ટ દક્ષા જાદવ, લાયન્સ પાસ્ટ પ્રેસીડન્ટ શીરીશભાઈ મોદી, લાયોનેસ પાસ્ટ પ્રેસીડન્ટ ચંદાબેન યાદવ, તેમજ કલબના અન્ય સભ્યો હાજર રહ્યા હતા અને સાથ સહકાર પુરો પાડ્યો હતો.

## ઈન્દ્રોડા નેચર પાર્ક ખાતેથી રીક્ષાની ઉઠાંતરી

ઈન્દ્રોડા નેચર પાર્કના પાર્કીંગમાંથી રીક્ષાની ઉઠાંતરી થવા પામી છે. રીક્ષાનું લોક તોડીને ચોર ઈસમો રીક્ષા લઈ ગયા છે. અમદાવાદનો પરિવાર સવારે નેચર પાર્કમાં ફરવા માટે આવ્યો હતો અને બપોરે પરત ફર્યો હતો. ત્યારે પોતાની પાર્ક કરેલી રીક્ષા જે તે સ્થળે ન હતી. જેને પગલે રીક્ષા માલિકે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૮૦,૦૦૦ ની રીક્ષા ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદના વસ્ત્રાલ ખાતે માધવ સ્કુલ પાસે ગંગા એપાર્ટમેન્ટ મકાન નં. ૨૦૨ બ્લોક નં.૫ માં ધર્મેન્દ્રભાઈ રમણલાલ ઠક્કર ઉં.વ.૪૬ રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૯ ના રોજ ધર્મેન્દ્રભાઈ અને તેમના મિત્રના પરિવારના સભ્યો સાથે રીક્ષા નં. જી.જે.૨૭.ડબલ્યું.-૮૬૯૩ લઈને ગાંધીનગર ઈન્દ્રોડા નેચર પાર્ક ખાતે સવારના ૧૧ વાગ્યાના અરસામાં આવ્યા હતા અને નેચર પાર્કના પાર્કીંગમાં રીક્ષા પાર્ક કરી હતી અને સ્ટેયરીંગ લોક પણ કર્યું હતું. ત્યારબાદ સૌ નેચર પાર્ક માં ફરવા ગયા હતા અને ફરીને બપોરના અઢી વાગ્યાના અરસામાં પરત ફર્યા હતા. ત્યારે જોયું તો રીક્ષા પાર્કીંગમાં ન હતી, આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા પણ મળી આવી ન હતી. રીક્ષા ચોરી અંગે રીક્ષા માલિકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૮૦ હજારની રીક્ષા ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વિમાધારક ખેડૂતે ૩જી સુધીમાં અરજી કરવી

ગત માસની ૨૮ અને ૨૯ તારીખે થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકશાન અંગે આજે વિમા કંપનીના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.

વિમા કંપનીઓએ ૩જી નવેમ્બર સુધીમાં ખેડૂતોએ વિમો લીધો હોય અને નુકશાન થયુ હોય તો ખેતીવાડી શાખા તાલુકા અથવા જિલ્લા પંચાયત ખાતે અથવા નાયબ ખેતી નિયામકશ્રીની કચેરીએ અરજી આપવાની રહેશે.

રાજ્ય સરકારે ગઈકાલે જ આ અંગે જિલ્લાતંત્રને તાકીદ કરી હતી. આ અરજીઓ મળી ગયા બાદ તેની વીમા કંપની દ્વારા ચકાસણી થશે અને જે તે વળતર ખેડૂતોને આપવામાં આવશે.

કમોસમી વરસાદથી જિલ્લામાં મગફળી અને ડાંગરના પાકમાં નુકશાન થયાના અહેવાલો છે. જોકે નુકશાન અંગે તંત્ર દ્વારા પણ સરવેની કામગીરી અલગથી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી એકાદ સપ્તાહમાં પૂર્ણ થશે તેમ મનાઈ રહ્યુ છે. આ સરવે પૂર્ણ થયા બાદ રાજ્ય સરકારને તે અહેવાલ મોકલવામાં આવશે.

## પેથાપુર ચોકડી પાસે માર્ગ ઓળંગતી વખતે ટ્રકની ટક્કરે વૃધ્ધનુ મૃત્યુ

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર ખાતે આવેલા સ્વર્ગ સ્વપ્ન ફલેટ ખાતે જે -૩૦૧ ખાતે રહેતા રાજેન્દ્ર કૈલાસભાઈ શાહ પોતાના પરિવાર સાથે રહે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરીયાદીના પિતા કૈલાશભાઈ કજોડીમલ શાહ ગતરોજ બપોરના સુમારે માર્ગ ક્રોસ કરવા જઈ રહ્યા હતા તે સમયે અચાનક ટ્રક નં. પી.બી.૦૮.ઝેડ.-૯૪૯૧ ના ચાલકે કૈલાસભાઈને ટક્કર મારતા શરીરે ઈજાઓ પહોંચી હતી. તેઓને તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા.



દિવાળીના પર્વના દિવસોના અંતે લાભ પાંચમના શુભ દિવસે નગરના વેપારીઓએ પોતાના વેપાર ધંધાનુ મુહુર્ત કર્યુ હતુ. લાભ પાંચમ ધંધાની શુભ શરૂઆત માટે ઉત્તમ દિવસ માનવામાં આવે છે. દુકાનદારોએ પણ પુજન અર્ચન કરી વર્ષ દરમિયાન પોતાના ધંધામાં બરકત રહે અને પ્રગતિ થાય તેવી પ્રાર્થના સાથે નવા વર્ષના પ્રારંભે ધંધાના શ્રીગણેશ કર્યા હતા.

## શહેરમાં હેલમેટ વિના ફરતા ૩૦ વાહનચાલકો દંડાયા

ગાંધીનગર,તા.૧

રાજયભરમાં ટ્રાફિકના નવા નિયમોની કડક અમલવારી આજથી શરુ થઈ ગઈ છે. ત્યારે ગાંધીનગર ટ્રાફિક પોલીસે પણ નવા નિયમોની અમલવારીનો પ્રારંભ કર્યો છે. શહેરમાં સીટબેલ્ટ, પીયુસી, એચએસઆરપી નંબર પ્લેટ, રોંગ સાઈડ, અડચણ રૂપ વાહનો પાર્ક કરવા સહિત ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો સામે લાલ આંખ કરી છે. જેમાં પહેલા દિવસે જ ટ્રાફિક પોલીસે અંદાજીત ૩૬ હજારથી વધુ રકમ ટ્રાફિક નિયમના ભંગ બદલ વાહન ચાલકો પાસેથી વસુલી છે. જયારે રૂ.૧૫ હજારનો દંડ તો માત્ર હેલમેટ વિના વાહનચાલકો પાસેથી વસુલવામાં આવ્યો છે.

ભારતમાં વધતા જતા અકસ્માતના બનાવનોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારના ટાન્સપોર્ટ વિભાગ દ્વારા ટ્રાફિકના કાયદામાં સુધારો કરીને ટ્રાફિક નિયમ ભંગ બદલ દંડની રકમમાં વધારો કરાયો હતો. જેને પગલે ગુજરાતમા હોબાળો મચી ગયો હતો. જેને પગલે સરકારે તા.૩૧ ઓકટોબર સુધી છુટછાટ આપી હતી. જેની મુદત પુરી થતા નવા કાયદાની અમલવારીનો પ્રારંભ આજથી ગુજરાતના તમામ નાના મોટા શહેરોમાં થઈ ગયો હતો. જેને પગલે ગાંધીનગર શહેરમાં પણ વિવિધ ટ્રાફિક પોઈન્ટ પરથી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિક પોલીસે આજે પ્રથમ દિવસે જ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો પાસેથી ૩૬ હજારથી વધુ દંડની રકમ વસુલી છે. જયારે શહેરમાં હેલમેટ વિના વાહનો હંકારતા ૩૦ વાહન ચાલકો ટ્રાફિક પોલીસના હાથે પકડાઈ ગયા હતા અને ટ્રાફિક પોલીસે રૂ.૧૫ હજારના દંડની વસુલાત કરી હતી. શહેરમાં પ્રથમ દિવસે જ ટ્રાફિક પોલીસની કામગીરીનો લઈ વાહનચાલકોમાં ફફળાટ ફેલાઈ ગયો હતો.



પેથાપુર ગામમાં પાણી કનેક્શન લિકેજ થવાના કારણે ભર બપોરે પાણીની રેલમછેલ જેવા દશ્યો સર્જાયા હતા. થોડીક વારમાં તો મુખ્ય શાકમાર્કેટ બજારમાં તો તળાવ જેવા દ્રશ્યો સર્જાયા હતા. નવા વર્ષનું પેથાપુર પાણી લીકેજનું શુભારંભ થઈ ગયો છે. નવા વર્ષની નગરપાલિકાતંત્રને શુભકામના પાણી લીકેજ બાબતે પાઠવવામાં આવે છે.

## મહા વાવાઝોડાને લઈને તંત્ર એલર્ટ : સાવચેતીના પગલા

### વેરાવળ, ગીર સોમનાથ, પોરબંદર, દક્ષિણ ગુજરાતમાંના ઘણા જિલ્લાઓમાં મહા વાવાઝોડાની વ્યાપક અસર થશે

ગુજરાત પર વાયુ વાવાઝોડા બાદ કયાર વાવાઝોડાની અસરો વર્તાયા બાદ હવે નવા મહા વાવાઝોડાની આફતનો ખતરો તોળાઈ રહ્યો છે. મહા વાવાઝોડું ગુજરાતમાં આગામી તા.૬ અને ૭ નવેમ્બરના રોજ ત્રાટકવાની શકયતાઓ સેવાઈ રહી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, મહા વાવાઝોડું આગામી દિવસોમાં સિવિયર સાયક્લોનમાં પરિવર્તિત થશે. તા.૬ અને ૭ નવેમ્બર સૌરાષ્ટ્રના વેરાવળ અને કોડિનાર વચ્ચે ૭૦થી ૮૦ કિમી પ્રતિકલાકની ઝડપે ત્રાટકશે. મહા વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્રમાં બેથી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. ખાસ કરીને મહા વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્રના વેરાવળ, ગીર સોમનાથ, પોરબંદર, જામનગર, દક્ષિણ ગુજરાતમાંના અનેક જિલ્લાઓમાં મહા વાવાઝોડાની વ્યાપક અસર જોવા મળશે. દરમ્યાન હવામાન વિભાગના ડાયરેક્ટર જયંત સરકારે જણાવ્યું હતું કે, મહા વાવાઝોડું સિવિયર સાયક્લોન બની રહ્યું છે. તા.૬થી ૭ નવેમ્બર સુધી ગુજરાતના દરિયાકાંઠે ટકરાવાની સંભાવના છે. તા.૬ તારીખે સવારે ૬૦થી ૭૦ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે તેમજ તા.૭ નવેમ્બરે પવનની ગતિ ૭૦થી ૮૦ કિમી પ્રતિકલાકે ઝડપ પવન ફૂંકાશે. આ દરમ્યાન સૌરાષ્ટ્રની સાથે દક્ષિણ ગુજરાતમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે. આ બે દિવસ દરમિયાન ગુજરાતના અન્ય જિલ્લાઓમાં પણ અસર જોવા મળશે. અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ પડવાની શક્યતા છે. મહા વાવાઝોડાની વ્યાપક અસરો અને તેના સંભવિત ખતરાને લઈ રાજય સરકાર અને તંત્ર એકદમ એલર્ટ પર આવી ગયા છે અને વાવાઝોડાની ગતિવિધિ અને તેની તીવ્રતા સહિતની બાબતો પર સતત નજર રખાઈ રહી છે. પશ્ચિમ મધ્ય અરેબિયન દરિયામાં ડિપ્રેશનની સ્થિતિ પ્રવર્તી રહી છે. જે ધીમી ગતીએ આગળ વધી રહી છે. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી આગામી પાંચ દિવસ માટે હળવી ચેતવણી જારી કરાઈ છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપી પવન ફુંકાઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી શકે છે. જેમાં ડાંગનો પણ સમાવેશ થાય છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૩.૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રી રહ્યું હતું. આગામી દિવસોમાં ઠંડીમાં વધુ વધારો થવાના સંકેત છે. અમદાવાદની બહાર રાજ્યના કેટલાક ભાગોમાં હળવો વરસાદ જારી રહ્યો છે.



સે-૭ સ્થિત બરોડા દેના ગ્રામિણ બેંકમાં લાભ પાંચમ નિમિત્તે વિશેષ પુજા અર્ચનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બેંકના મેનેજર પ્રદિપસિંહ સોલંકી તેમજ સ્ટાફના સભ્યો બેંકની પ્રગતિની પ્રાર્થના સાથે પારિવારિક માહોલમાં અનોખી શ્રધ્ધા ભકિત સાથે નવા વર્ષને વેલકમ કરતી આ પુજાવિધિમાં જોડાયા હતા.

## ચિલોડા પરિણિતા આપઘાત કેસમાં દુષ્પ્રેરણની ફરીયાદ

### મૃતક પરિણિતાના પિતાએ સાસુ અને નણંદ સામે ગુનો નોંધાવ્યો

ગાંધીનગર, તા.૧

સાસુ અને નણંદના માનસિક અને શારીરીક ત્રાસથી કંટાળીને તાજેતરમાં ચિલોડાની પરિણિતાએ પોતાના ઘરે જ પંખા સાથે દુપટ્ટો બાંધીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. પરિણિતાના આપઘાતની જાણ થતા ઉતરપ્રદેશથી તાત્કાલીક ચિલોડા દોડી આવેલા પરિણિતાના પિતાએ સાસુ અને નણંદ સામે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ મથકે મૃતક પરિણિતાના પિતા રામમૂર્તિ રામપ્રસાદ વિશ્વકર્મા (ઉં.વ.૫૮ રહે.છપાઈ બાગ ગામ, ઉતરપ્રદેશ) પોતાના પરિવાર સાથે રહે છે.રામમૂર્તિને પાંચ દિકરા અને ત્રણ દિકરીઓ સંતાનમાં છે. બીજા નંબરની દિકરી અનિતાના લગ્ન વર્ષ ૨૦૧૩ માં રાજેન્દ્ર પ્રસાદના દિકરા મહેન્દ્રકુમાર વિશ્વકર્મા ( રહે.સાંગીપુરતા.લાલગંજ જી પ્રતાપગઢ ઉતરપ્રદેશ) સાથે થયા હતા. મહેન્દ્રકુમાર બીએસએફમાં ફરજ બજાવે છે. દિકરી અનિતાને લગ્નજીવન દરમિયાન ત્રણ સંતાનો છે. છેલ્લા બે વર્ષથી મારી દિકરી ચિલોડા ખાતે આસ્થા ફલેટ સોસાયટી મકાન નં.૧૦૨ પોતાના પરિવાર સાથે રહેતી હતી. આશરે બે માસ પહેલા અમારા ઘરે આવેલી હતી તે દરમિયાન કહેતી હતી કે મારા સાસુ ગીતા દેવી મને ઘરકામ અંગે વાતવાતમાં મેણાટોણા મારે છે અને મારી સાથે ઝઘડો કરે છે. હુ તમારી સાથે મોબાઈલ પર વાત કરુ તો કરવા દેતા નથી. અગાઉની જેમ જ કહે છે કે તારા પિતા તો પૈસા વાળા છે. બે લાખ રૂપીયા રોકડા અને એક બુલેટ મોટર સાયકલ તુ તારા પિતા પાસેથી લઈ આવ નહી તો રહેવા દઈશુ નહી તેવું મારી દિકરી એ જણાવ્યું હતું. પરંતુ મારી દિકરીનો ઘર સંસાર બગડે નહી તે માટે મે સમજાવીને મોકલી હતી. મે મારી દિકરીને લગ્ન સમયે મારી શકિત મુજબ ખર્ચ કર્યો હતો. મારી દિકરીને તેના સાસુ અને નણંદ રૂપીયા અને બુલેટ માટે ત્રાસ આપી મેણા ટોણા મારતા હતા. જેથી મારી દિકરીએ કંટાળીને ગત તા.૨૪ ના રોજ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી આપઘાત કરી લીધો છે. જેથી મારી દિકરી અનિતાના સાસુ અને નણંદ સામે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## ગાંધીનગર જિલ્લાના ત્રણ મામલતદાર સહિત રાજયના ૧૨૪ મામલતદારોની બદલી

ગાંધીનગર, તા. ૧

રાજ્ય સરકારે દિવાળી વેકેશન પૂર્ણ થતાં જ આજે પ્રથમ દિવસે જ ૧૨૪ જેટલા મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલી કરી છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ત્રણ મામલતદારોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં જમીન ફાળવણી શાખાના મામલતદાર કે.એ. પટેલની બદલી અરવલ્લી કલેકટરમાં કરવામાં આવી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના મામલતદાર શ્રીમતી ડી.એ. પંચાલની બદલી રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના મામલતદાર તરીકે જ્યારે કલેક્ટર કચેરીના જનસંપર્ક મામલતદાર આઈ.જી. ઝાલાની બદલી રાજકોટ કલેક્ટરની બિન-ખેતી મામલતદારની ખાલી જગ્યા પર કરવામાં આવી છે.

ગાંધીનગરમાં શ્રીમતિ પંચાલના સ્થાને અમદાવાદ સરદારનગર ટાઉનશીપના મામલતદાર યુ.કે. જોશીને મુકવામાં આવ્યા છે.

કુ. વી.એ. પરમાર જે અરવલ્લીમાં મામલતદાર હતા તેમને કલેક્ટર કચેરીના જનસંપર્ક મામલતદાર તરીકે શ્રી ઝાલાના સ્થાને મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત મેઘરજના મામલતદાર વી.કે. પટેલને જમીન ફાળવણી મામલતદાર તરીકે કે.એ. પટેલના સ્થાને મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર કલેક્ટર કચેરીના ત્રણ મામલતદારોની એક સાથે બદલી થવાના સમાચાર સાંજે કલેકટરમાં મળતાં જ તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. ગાંધીનગર જિલ્લાના વહીવટીતંત્રમાં પણ ફેરફારો થશે તેવી વાતોએ પણ ચર્ચાનું સ્થાન લીધુ હતુ. જો કે સોમવારે નવનિયુક્ત મામલતદારો તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળે તેવી શક્યતાઓ છે.

### ટેકાના ભાવે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવાની જાહેરાત કરી છે. જિલ્લામાં હાલ બે સેન્ટરો પર મગફળીની ખરીદીનો આરંભ થયો છે. જરૂર પડ્યે બીજા કેન્દ્ર ખોલવામાં આવશે.

સોમવાર પછી ટેકાના ભાવે વેચવા માટે ખેડૂતોની સંખ્યામાં વધારો થશે. આ માટે તંત્રએ પણ પુરતી તૈયારીઓ કરી દીધી છે.

નાગરિક પુરવઠા નિગમ દ્વારા ડાંગરની ખરીદી દહેગામ અને કલોલમાં ટેકાના ભાવે ખરીદી ચાલી રહી છે.

### આગાહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બુલેટીનમાં ખેડૂતોને આપવામાં આવ્યુ છે.

બીજી તરફ જિલ્લામાં ખેડૂતો દ્વારા બટાટાની વાવણી માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. બટાટાનું બિયારણ આ વખતે ૧૨૦૦ રૂ.ની આસપાસ હોવાનું ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ છે. રવિ સિઝનમાં જિલ્લામાં ખેડૂતો ૫ થી ૬ હજાર હેકટરમાં બટાટાની ખેતી કરતા હોય છે.

જિલ્લાના કેટલાક ખેડૂતો દ્વારા બટાટાની કોન્ટ્રેક્ટ ફાર્મિંગથી પણ વાવણી થતી હોય છે. જિલ્લામાં આ વર્ષે પાછોતરો વરસાદ સારો થયો હોવાથી બટાટાની ખેતીમાં સારૂ ઉત્પાદન મળશે તેમ ખેડૂતોનું કહેવુ છે. આ ઉપરાંત હવામાન ખાતુ પણ ૧૫મી નવેમ્બર પછી રાજયમાં ઠંડીનું જોર જોવા મળશે તેમ કહી રહ્યું છે. જિલ્લામાં ૧૫મી નવેમ્બર પછી ઘઉંની વાવણી શરૂ થશે.

**BY PUBLICATION**

Summons for disposal of Application (Rule23) W.C. Rules (1924)
Claim Rs. 10,32,616/-
No. 2986 /2019.
Office of the Commissioner for, Employee's Compensation New Adm.Bldg Govt. Colony, Bandra (E), Mumbai-51.
Date:- 5/10/2019.

In the Court of The Commissioner for Employee's Compensation, In the 8th Labour Court At Mumbai-51
Application (ECA) No. 88/C-28 of 2018.

**Mr. Sumant Pauhari @ Pahvari Pal .. Applicant**
V/s
Shri Pratapsingh S. Gohil and Anr.
.. Opponent Party

To
Shri Pratapsingh S. Gohil
Indian Inhabitant at Koliwas,
At Bhandar, Tal. Ghogha, Bhavnagar, Gujrat
364001
(Owner of M/V No. GJ-04-X-6938)

WHEREAS the above named applicant has presented an application in this Court against you to proposed opponent for compensation in respect of the injuries received by him/death of by accident said to have arisen out of and in the course of his employment as stated in the accompanying copy of the application. You are hereby summoned to appear in this Court in person or by a pleader or any other person duly authorised in writing and able to answer all material question relating to the application of who shall be accompanied by so me other person able to answ.er all Such question on 07/11/19, at 11.00 a.m. To answer the claim; and as the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intent to relay in support of your defence.

Under rule 27 of the Workmen's Compensation Rliles, 1924, yo.u are hereby required to file written statement IN DUPLICATE on or before 07/11/19.

Take notice that in default of your appearance on the day before mentioned the application will be heard and determined in your absence.

Court Seal

By Order
Sd/-
Assistant Registrar
Commissioner for Employee's Compenation Mumbai